R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 08 DATE: 24-02-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છેલ્હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયો એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

## વિકાસલક્ષી યોજનાઓ સહિત નાગરિકોના આરોગ્યના જતન સાથે જોડાયેલું ગુજરાતનું બજેટ



ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે રાજ્ય વિધાનસભામાં નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે રુજ કરેલા ગુજરાત સરકારના બજેટમાં બરોજગાર યુવાનોને, ખેડુતોને તેમજ આરોગ્યવિષયક સેવાઓનું ફલક વિસ્તારીને રાજ્યની ગરીબ-મધ્યમ વર્ગની પ્રજાને ખુશ કરવાનો પ્રયત્ન કર્યો છે.પરમિટથી વેચાતા તથા વિદેશથી આયાત થતાં દારુ-બિયર ઉપર એકસાઈઝ ડ્યુટી તથા ફી વધારીને રુ.૧૦૬.૩૨ કરોડની નવી આવક ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.આ સિવાય બજેટમાં કોઈપણ ચીજવસ્તુ પર કરવેરો નાંખવામાં આવ્યો નથી.

બજેટમાં બેરોજગારી અંગે યુવાનોમાં પ્રવર્તતી હતાશાને ખંખેરવા માટે, તેમજ ખેડુતોની લાગણીઓ પર મલમ લગાવવા માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.નવી એપ્રેન્ટીસ યોજના જાહેર કરવામાં આવી છે. જે હેઠળ ૧ લાખ યુવાનોને જે તે ખાનગી કંપનીઓ તરફથી પગાર ચુકવાશે.ખેડુતોને ત્રણલાખના ઋણ ઉપર વ્યાજ માફ કરાશે. જ્યારે આરોગ્ય ક્ષેત્રે મુખ્યમંત્રી અમૃતમ યોજનામાં અને મા વાત્સલ્ય યોજનામાં આવક મર્યાદા અઢી લાખથી વધારીને ત્રણ લાખ કરવાની અને સારવાર ખર્ચ ૨ લાખની મર્યાદાથી વધારીને ૩ લાખની કરાઈ છે.આમ જનતાને ખુશ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

જો કે મોંઘવારીમાં પીસાતી રાજ્યની જનતા ઉપર બીજા હવે બોજા નાંખી શકાય તેમ નથી.તેથી માત્ર દારુ પીનારા પણ બોજો નાંખવાનો પ્રયત્ન કરાયો છે. પરંતુ તેનાથી સરકારની તિજોરીને કોઈ વિશેષ લાભ થશે નહીં.રોજગારીમાં યુવાનો લાભ મળશે તેમ લાગે છે.

## બેન્કોને ડુબાડનારાઓની અને જેમની એનપીએ મોટી છે તેમના નામ ગુપ્ત રાખવા માંગે ત્યારે દેશને સરકાર મહાસત્તા કેવી રીતે બનાવશે ? : શિવસેના

પંજાબ નેશનલ બેન્કમાં થયેલા કૌભાંડ બાબતે શિવસેનાએ તેના મુખપત્ર સામનાના અગ્રલેખ પ્રકાશિત કરી સરકારની ટીકા કરતાં જણાવ્યુ હતું કે દેશની સર્વોચ્ચ અદાલતે બેન્કને ડુબાડનારાઓની અને જેમની એનપીએ મોટી છે તેમના નામની યાદી જાહેર કરવા માટે વારંવાર જણાવ્યુ હોવા છતાં સરકાર અને બન્કો હજી સુધી તેમને ડુબાડનારા લેણદારોના નામ ગુપ્ત રાખવાનો આગ્રહ રાખે છે તે સત્ય છે.

શિવસેનાએ સામનામાં અગ્રલેખમાં જણાવ્યુ છે કે છેલ્લા થોડા વર્ષોથી ભારત ટુંક સમયમાં આર્થિક મહાસત્તા બનશે તેવું સુંદર સ્વપ્ન દેશવાસીઓને સતત બતાવવામાં આવે છે.પરંતુ આ સ્વપ્ન સાકાર ક્યારે થશે તે શુભદિન ક્યારે ઉગશે તેનું મુહુર્ત કહેવા માટે કોઈ તૈયાર નથી.જે દેશના બેન્કીંગ સેકટરમાં ૭.૩૪ લાખકરોડ રુપીયાની નોન પર્ફોમીંગ એસેટ એટલે કે એનપીએ બોલતી હોય તે દેશ આર્થિક મહાસત્તા કેવી રીતે બની શકશે તેવો સવાલ શિવસેનાએ કર્યો છે.છેલ્લા ચાર દિવસથી પ્રકાશિત થયેલા બેન્ક કૌભાંડોના સમાચાર વાંચતા અને એનપીએને કારણે બેન્કોની કથળેલી સ્થિતિ જોતાં આર્થિક મહાસત્તાનું બિરુદ આપણા માટે હાસ્યાસ્પદ લાગવા માંડયુ છે. નીરવ મોદીના બેન્ક લુંટ પ્રકરણ બાદ રોજ જે નવા નવા ગોટાળાની વિગતો બહાર આવી રહી છે તે જોતાં આપણો દેશ આર્થિક મહાસત્તા નહીં, પણ આર્થિક ગોટાળાઓની મહાસત્તા બનવાની દિશામાં પ્રવાસ કરી રહ્યો છે. તેવી શંકા દેશવાસીઓના મનમાં જાગે તો તે ખોટી છે એમ કહી શકાય તેમ નથી.



પંજાબ નેશનલ બેન્કના રુ.૧૧૩૦૦ કરોડના મહાકૌભાંડમાં થી સરકાર પોતાના હાથ ખસેડી લેવા પ્રયત્નશીલ છે. નાણાંમંત્રીએ જણાવ્યુ હતું કે બેન્કોના કર્મચારીઓએ કરેલું આ કૌભાંડ છે.કેટલાક સરકારી નેતાઓ જેમને આ બાબતે સબંધ નથી તેઓ પોતાના વિચારો જણાવીને સરકારનો બચાવ કરવા મંડી પડ્યા છે.નીરવ મોદીના વકીલ આ કૌભાંડ જ નથી તેવી અટકળો ચલાવી રહ્યા છે. વકીલો આખા કેશને ઉંધી દિશામાં લઈ જવા પ્રયત્નશીલ છે.ભાજપ સરકાર પણ આ બાબતે મૌન સેવી રહ્યું છે.

## ઈવેન્જલીકલીસ્ટ ડૉ.બિલી ગ્રેહામનું ૯૯ વર્ષે અમેરિકામાં નિધન



ડૉ.વિલિયમ ફ્રેન્કલીન ગ્રેહામ નો જન્મ તા. ૭ નવેમ્બર,૧૯૧૮માં થયો હતો અને તેમનું મરણ તા.૨૧મી ફેબ્રુઆરી,૨૦૧૮ના રોજ મોન્ટ્રીટ, નોર્થ કેરોલીના,અમેરિકા ખાતે થયું હતું.તેઓ એક અમેરીકન ઈવેન્જલીકલ ક્રિશ્ચિયન ઈવેન્જલીકલીસ્ટ હતા. તેમજ સાઉર્થન બેપ્ટીસ ચર્ચના દિક્ષિત મિનિસ્ટર હતા.તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પ્રીચર હતા.૨૦મી સદીના સૌથી વધુ પ્રભાવશાળી વક્તામાં તેમનો સમાવેશ થતો હતો.અમેરિકન રાજકારણ ઉપરાંત અન્ય દેશોના રાજકારણીઓ પર પણ તેમનો પ્રભાવ હતો.અમેરિકન રાજકારણમાં તેમનું વર્ચસ્વ હતું. મોટાભાગના અમેરિકન પ્રેસિડેન્ટ સાથે તેઓના અંગત સબંધો હતા.

૧૯૪૭થી તેઓની કારકીર્દીની શરુઆત થઈ હતી.તેમણે ૪૦૦થી વધુ ક્રુસેડ ૧૮૫ જેટલા દેશોમાં કરી હતી.તેમની પ્રથમ ક્રુસેડ સપ્ટે.૧૩-૨૧ ૧૯૪૭માં થઈ હતી.તેમણે ટેલીવીઝન પ્રોગ્રામો,સીવીલ રાઈટ્સ મુવમેન્ટ,રીલીફ કાર્યો વિગેરે કર્યા હતા અને વિશ્વભરમાં તેમના ચેરીટી કાર્યક્રમો ચાલ્યા જ રહ્યા છે.તેમનું દેહાવસાન ૯૯ વર્ષની ઉમરે થયું.ખ્રિસ્તી પ્રચારકો પૈકીના એક મહાન પ્રચારક ડો.બીલી ગ્રેહામના જીવનનો અંત આવ્યો છે.તેમના કુટુંબીજનો ને ઈશ્વર દિલાસો આપે.

## સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં સીબીઆઇની પુરતી મદદ મળતી નથી : હાઇકોર્ટ

બોમ્બે હાઈકોર્ટે સોહરાબુદીન એન્કાઉન્ટર કેસમાં સુનાવણી શરુ કર્યાને બે સપ્તાહ પછી કહ્યુ હતું કે સીબીઆઈ પુરતી મદદ કરવામાં નિષ્ફળ ગઈ છે.જેને કારણે સમગ્ર કેસ વિશે અસ્પષ્ટતા જ છે. જસ્ટીસ રેવતી મોહીત-ડરેએ કહ્યુ હતું કે જે પોલીસ અધિકારીઓને છોડી મુકવામાં આવ્યા છે તેમની વિરુધ્ધ પ્રથમ દષ્ટ્રિએ પુરાવા સહિતના તમામ પુરાવાઓ રજુ કરવામાં સીબીઆઈ નિષ્ફળ ગઈ છે.તેને કારણે આ તમામને કેસમાંથી ડિસચાર્જ કરવા કે કેમ તેનું મુલ્યાંકન જ થઈ શકે તેમ નથી.કોર્ટે હવે સીબીઆઈને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૪ હેઠળ નોધાયેલા સાક્ષીઓના નિવેદનોની વિગતો રજુ કરવા આદેશ કર્યો છે.

સીબીઆઈ હવે આ કેસમાં વિગતો નહીં આપીને કોર્ટમાં પુરાવા રજુ નહીં કરે અને પરિણામે ભાજપના નેતા વિરુધ્ધનો સજ્જડ કેસ કોર્ટે કાઢી નાંખવાની કતાર પર આવી જશે.ખરેખર જ્યારે આ કેસને ચલાવવામાં જેને રસ હતો તેવા જજ હવે કેસમાંથી તેમના અવસાનથી દુર થઈ ગયા છે. તેથી હવે કોર્ટમાં રાજકારણીઓને સજા થાય કે સાબિત થાય કે આ કામ તેઓનું છે તે હવે શક્ય બનશે જ નહીં.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

પંજાબ નેશનલ બેન્કના કૌભાંડ બાદ વિક્રમ કોઠારીનું કૌભાંડ બહાર આવ્યુ.દેશમાં કહેવાતા મોટા ગજાના ઊદ્યોગપતિઓ બેન્ક પાસેતી કરજ લઈને પાછુ નહી ચુકવવામાં માહેર છે.છેલ્લા બે દાયકાના બેન્કોમાં વધી ગયેલા એનપીએની પાછળનો મુખ્ય આધાર આવા ઉદ્યોગપતિઓ દ્વારા લેવાયેલ લોન અને નહિં ભરાયેલ હપ્તા. અને પાછળથી બેન્કો દ્વારા માંડવાડ ખાતે નાંખી દેવાયેલ મોટી રકમો.એનપીએની જે રકમો બોલે છે તે જોઈને આપણને એવું લાગે કે આ બધાં નાણાંનો વહીવટ કોણે કરી નાંખ્યો.દેખીતી રીતે સ્પષ્ટ જોઈ શકાય કે મામાનું ઘર માં પીરસનારી અને ભાણીયા ખાનારા , બાકી કંઈ ના રહે.તે ઉક્તિ પ્રમાણે આ બધી રકમો ચવાઈ ગઈ.બેન્કના અધિકારીઓની મીલી ભગત,રાજકારણીઓનો સંગાથ અને ઉદ્યોગપતિઓની મેલી રમતે બેન્કોને નવડાવી કાઢી છે.બેન્કોની મુડી તો દેશના બચતકારો દ્વારા બેન્કમાં મુકાયેલી થાપણો જ હતી જેનો ગેરવહીવટ થયો છે.

નીરવ મોદીએ કહ્યુ કે તમે મારી પર ખોટા આરોપો મુક્યા અને મારી આબરુ ખરડાઈ જેથી હવે મારી પાસે ભરપાઈ કરવા માટે નાણાં બચ્યા નથી.જેથી હું આ રકમ ભરી શકીશ નહીં.મોદીનો વકીલ પણ આજ રીતે સમજાવે છે કે એવા કોઈ પુરાવા નથી કે જેથી મોદી સામે આ કૌભાડ તમે સિધ્ધ કરી શકો અને ગુનેગાર ઠેરવી શકો.ખરેખર દેશના સત્તસ્થાને વકીલોને બેસાડવા જોઈએ નહીં કારણકે તેઓ ગુનેગારોને આશ્રય આપે છે અને દલીલો દ્વારા તેમને બચાવવાની કોશીશ કરે છે.દેશમાં થયેલા મોટામસ કૌભાડને બેન્કના અધિકારીઓની વહીવટી નિષ્ફળતા કહીને નાણાં મંત્રીએ વકીલની ભાષા વાપરીને સરકાર પરનો ગાળીયો દુર કરી દીધો.સરકારી નિષ્ફળતાઓમાં આજ રીત રસમ વપરાય છે.નાણામંત્રીની જગાએ રક્ષા મંત્રી જવાબ આપે છે.આને ગુડ ગર્વનન્સ નો શિરપાય અપાયછે.દેશની જનતાને બેવકુફ બનાવવાની અજીબો ગરીબ તરકીબો શીખવી હોય તો તેના માટે આ સરકાર પુરતી છે.કોગ્રેસ જે તેના શાસનમાં નથી કર્યુ તે તેમણે કરી બતાવ્યું છે.

દક્ષિણ આફ્રિકાના મોસ્ટ વોન્ટેડ ગુપ્તાબંધુઓને ઉત્તરાખંડની સરકારે ઝેડ સુરક્ષા આપી.દક્ષિણ આફ્રિકામાં જેકબ ઝુમાના રાષ્ટ્રપતિપદ છોડવા પાછળ મુખ્ય કારણ રુપ બનેલા ભારતીય વ્યાપારીઓ ગુપ્તાબંધુઓને ઉત્તરાખંડની સરકારે આશ્ચય આપ્યો અને સાથે સાથે ઝેડ પ્લસ સુરક્ષા.આપણા દેશના વ્યાપારીઓ દેશમાંથી કૌભાડ કરીને ભાગીને અન્ય દેશોમાં જઈને આશ્રય લે એજ રીતે ત્યાંથી ભારતીયો આવતા રહે.રાષ્ટ્રવાદની વ્યાખ્યાઓ આપનારા દેશદ્રોહની નવી વ્યાખ્યાઓમાં આ ઉમેરશે ? પરદેશમાં ગુનાઓ આચરીને આવનારા ભારતીયો સાચા દેશભક્તો છે. તેમને આવકાર આપવો અને સુરક્ષા આપવી.

કૌભાંડો કરીને દેશમાંથી ચાલ્યા જતા કેટલાક લોકો પાસે વિદેશની નાગરિકતાઓ છે.પત્નીઓની છે બાળકોની છે.પછી તમે કાયદા હેઠળ તેમનું શું બગાડી શકશો. વધુમાં રાજસત્તામાં બેઠેલા વકીલો આવા લોકોની દલાલી કરતા રહે પછી બાકી કશું રહે જ નહી.વિજય માલિયાએ દેશમાંથી ભાગી જતાં પહેલાં સત્તાસ્થાને બેઠેલા રાજકીય પક્ષને મોટી રકમનો ચેક લખી આપ્યો હતો.તેવું સમાચાર પત્રોમાં ફોટા સાથે પ્રસિધ્ધ થયું હતું.હવે માલિયાને કોણ લાવે ? લાવે તો કૌભાંડોમાં સંડોવાયેલા તમામના ચિઠ્ઠા ખુલી જાય !

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# સદગુણ એ માણસની શોભા છે. સદ્દગુણો જ એનું ગૌરવ થાય છે

સદગુણ એ માણસની શોભા છે. સદ્ગુણો જ એનું ગૌરવ થાય છે.એ ગુણો ક્યાંય રસ્તામાં પડ્યા હોતા નથી.માણસે એ મેળવવા પડે છે. માણસમાં જો સદ્ગુણ ના હોય, એની પાસે ભારોભાર ધન-દોલત હોય પણ એ કથીર સમાન છે. માણસના સદ્ગુણો તેને માન-મોભો અપાવે છે.બીજા બધા આદર કરતાં સદ્ગુણોનો આદર એ સર્વશ્રેષ્ઠ ગણાય છે. એ સદગુણો ક્યાંથી આવે ? તો બાળકના જન્મ સાથે જ એના કુટુંબમાંથી મળતા હોય છે.સદ્ગુણો એ પરંપરાગત પેઢીઓના પુણ્યપ્રતાપે પ્રાપ્ત થાય છે.આપણી સૌથી મોટી કરુણતા એ છે કે ,માણસના સદ્ગુણોને ઓળખનારા ઓછા હોય છે.પણ દુર્ગુણોની તો ચોરેને ચૌટે વાતો થતી હોય છે. આજે આપણે જોઈએ તો જગત પર અસત્યનું આક્રમણ જોરશોરથી થઈ રહ્યું છે.એમાં કદાચ ખોટું કરનારાઓની સંખ્યા ઓછી હશે છતાં દુર્ગુણોનું ઘોડાપુર ઉમટ્યું હોય તેવો ભાસ થાય છે. સદ્ગુણીઓ દુષણોથી દુર રહેવા પ્રયત્ન કરે છે.અને એક નાનકડો દુર્ગુણ આખા સમાજ પર છવાઈ જાય છે.માણસની સાચી ઓળખ જ એના ગુણ છે.દુર્જનોથી દુર રહેવું એ સદ્ગુણીનું લક્ષણ છે. કાલિદાસે કહ્યું છે :' અવગુણ એ નાવના તળિયાના બાકોરા જેવુ છે, જે નાનુ હોય કે મોટું એક દીવસ એને ડુબાડે છે. 'જેને ડુબવું નાથી તે અવગુણીયલો થી દુર રહે છે. ' દુર્જન સાથે મિત્રતા કરવી નહી, તેમ વેર રાખવું નહી, અંગારો જ્યારે ગરમ હોય ત્યારે દઝાડે છે અને ઠંડો પડે ત્યારે હાથ કાળા કરે છે.' આ તો સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુઃખ જેવી સ્થિતિ પેદા થાય છે. ચાણક્યે કહ્યુ છે કે :' ગુણોનું જ બધે સન્માન થાય છે.તેના વંશનું નહી'

કન્ફયુશિયસે કહ્યું છે :'ધનથી સદગુણ પ્રાપ્ત થતાં નાથી પરંતુ સદ્ગુણોથી જ ધન અને અન્યન્ય ઈચ્છીત વસ્તુ પ્રાપ્ત થાય છે. 'સદગુણ એ જ માણસની સર્વોત્તમ મુડી છે. પણ આજના સમયમાં સદ્ગુણોવાળો માણસ હતાશ થઈ જાય છે.એને ચોમેરથી ફિટકાર મળતો હોય છે. એવો ભાસ થાય છે. પણ સરવાળે એ સાચું નથી.એ સાચું છે કે સમાજમાં શેતાની વૃત્તિવાળો એકાદ માણસ પણ આખા સમાજને દુષિત કરે છે. પરંતુ વિનોબાએ એક ખુબ સારી વાત કરી છે. 'માણસનું જીવન એક મકાન છે, એમાં દોષરુપી દીવાલો અને ગુણરુપી દરવાજા છે. ગમે તેવા ગરીબ ઘરનેય એક દરવાજો તે રહેલો જ, તમારે ઘરમાં પ્રવેશ કરવો હશે તો તે દરવાજામાંથી જ જઈ શકાશે.દીવાલોથી પ્રવેશવા જશો તો માથુ ફુટી જશે' આપણે હંમેશા બીજાના દોષ જ જોતા હોઈએ છીએ.દુર્જનમાં પણ કંઈક સારાપણું હોય છે.આપણાંમાં ય અવગુણો તો હોવાનાજ.જેમ સિક્કાની બે બાજુ હોય છે એ રીતે આપણામાં જે સારા ગુણો છે તેનો સદ્પયોગ થાય અને જે ખરાબ ગુણો છે એને દુર કરવાનો પ્રયત્ન કરીએ તો ઘણુ મેળવી શકીએ.સાધારણ દોષોને કાઢી નાંખવાની ચીવટ રાખઝો, તો તમારુ જીવન ઉન્નત બની જશે.

માણસ ક્યા કુળમાં જન્મ્યો છે તે મહત્વનું નથી. પણ એનામાં કેવા ગુણો છે એના આધારે એનું મુલ્ય અંકાય છે. ગુણથી ગૌરવ વધે છે. કમળનો જન્મ કાદવમાં થતો હોવાં છતાં તેના ગુણના કારણે તેને ભગવાનના મસ્તક પર ધરાય છે.જેનામાં સદગુણ છે એનામાં એની સભાનતા હોય તો એને નુકશાન કરે છે એની સભાનતા જ એનો દુર્ગુણ બની જાય છે. સદ્ગુણ જ માણસનો મહાન બનાવે છે.તંદુરસ્તી વિના સુખી રહેવું એ મુશ્કેલ છે. તો સદ્ગુણો વિના સારા બનવું એથીય મુશ્કેલ છે.ધર્મનો બાહ્યાડંબર કરવાથી ગુણિયલ બની જવાતું નથી .લિયો ટોલ્સટોયે કહ્યું છે : ' અત્યારની જેમ પહેલાં પણ ધર્મ મુખ્યત્વે તે લોકોના વિશ્વાસ અને વ્યવસાયનો વિષય હતો જે આળસું અને અધર્માચરણી હતા અને પોતાને અતિશય મહત્વ આપતા હતા, પરંતુ યોગ્યતા, પ્રામાણિકતા, ભલાઈ, સજ્જનતા અને સદાચારી વગેરે ગુણો અધિકતર નાસ્તિક લોકોમાં જ જોવા મળે છે. '

સસ્તસંગી બુધ્ધિની જડતાને દુર કરે છે.વાણીમાં સત્યનો સંચાર કરે છે. સન્માનમાં વૃધ્ધિ કરે છે. પાપોનો નાશ કરે છે. ચિત્તને પ્રસન્ન કરે છે.અને દસે દિશાઓમાં કિર્તિ ફેલાવે છે.બતાવો સત્સંગતિ માણસ માટે શું નથી કરતી ? સત્સંગતિ તો ધુપસળી જેવી છે.જે સ્વંય બળીને બીજાને સુવાસ આપે છે.સત્સંગતિ તો ગુલાબનું ફુલ છે., જે શોભા સાથે સુવાસ આપે છે. સત્સંગતિથી માણસનું જીવન સુધરી જાય છે.સત્સંગતિથી માણસના અવગુણોની દુર્ગંધ દુર થઈને ગુણની સુગંધ ફેલાય છે.સત્સંગતિ પામનાર માણસ પણ સર્વત્ર પુજનીય બને છે.તેને પણ બધેથી માન-સન્માન મળે છે.સત્સંગતિથી માણસમાં રહેલી નબળાઈઓ, ખરાબ ભાવનાઓનો નાશ થાય છે.સત્સંગતિથી માણસનું મન નિર્મળ બની જાય છે.જેથી સંસારમાં રહેતો હોવા છતાં સંસારની કોઈ લાલચ તેને આર્કષી શકતી નથી. ચાણક્યની નીતીસુત્રાણી (૫૧૯)માં કહ્યું છે : ' સજ્જનોનો સંગ સ્વર્ગમાં વાસ કરાવે છે. ' જે સદ્ભાગી હોય એને જ સારી સંગતી મળતી હોય છે.અપેક્ષાઓ ક્યારેય પુરી થતી નથી.તેથી એક પછી એક અપેક્ષાઓ જાગતી રહે છે. એના કારણે માણસ અધોગતિની ગર્તામાં ડુબતો જાય છે.પણ જો એને કોઈ ઉત્તમ પુરુષનો સંગ મળી જાય તો એના જીવનમાં એક નવુંજ પ્રકરણ શરૂ થતું હોય છે.એક ઉત્તમ વિચાર માણસના જીવનનું પરિવર્તન કરતો હોય છે.

માણસના ગમે તેવા અવગુણ હોય પણ એ સજ્જન સાથે સંગતિ થઈ જાય તો તે પણ સજ્જન બની જતો હોય છે.માણસનું મન તો એટલું ચંચળ છે કે જેની સાથે જાય એવું બની જાય છે.' કાચ પણ કંચનનો સંગ મેળવને લીલમ મણીની શોભા પ્રાપ્ત કરે છે. ' હિતોપદેશની પ્રસ્તાવનામાં આમ કહેવાયું છે.કબીરે કહ્યું છે :' જો જૈસી સંગત કરે સૌ તૈસે ફલ ખાઈ ' જેવી સંગતિ એવું ફળ મળતું હોય છે.બાવળ વાવીને કેરીની અપેક્ષા રાખવી એ મુર્ખામી ગણાય.માણસનો સાચો સાથી માત્ર ગ્રંથ છે.ઉત્તમ ગ્રંથનું વાંચન માણસને સાચો રસ્તો બતાવે છે.માણસે ગ્રંથનો સંગ કરવાનો છે.જેથી મનમાં કોઈ ખરાબ વિચારોનું પ્રગટીકરણ ના થાય.સત્સંગતિ એ માણસ માટે ઔષધી છે. એ એવી ઔષધી છે જેના કારણે બધાં દુઃખો દુર થઈ જાય છે.નીતીશાસ્ત્રમાં કહ્યું છે : ' સત્ય જ માતા, જ્ઞાન જ પિતા, ધર્મ જ ભાઈ, દયા જ મિત્ર, શાંતિ જ પત્ની, ક્ષમા જ પુત્ર એ છ મારા ભાઈઓ છે.'એવા માણસની સંગતિથી માણસના જીવનમાં વસંત ઋતુ આવી જાય છે.માણસની દુર્જનતારૂપી પાનખરનો અંત આવી જાય છે.

જે સાચો સંત છે એ ઉપદેશ આપતો નથી.એનો પ્રભાવ અને એનુ મૌન જ બધું કહી દેતું હોય છે.કોઈએ કહ્યું છે કે સંત પુરુષ જો કોઈ ઉપદેશ ન આપે તો પણ એની પાસે જવું ઉત્તમ છે.સત્પુરુષનો સંગ એ જીવનની અમુલ્ય મડી ગણાય છે.તેમનો જેટલો સંગ મળે એટલો લાભ લઈ લેવો જોઈએ.જેથી આપણા જીવનને નવો રાહ મળે છે. એનું કારણ એ છે કે અત્યારે જીવનને અમુલ્ય લ્હાવો મળ્યો છે એ કાલે ન પણ મળે.ફારસીમા હાફિજે ' દીવાન 'માં એક શેરમાં કહ્યું છે : ' જેમના માત્ર પડછાયાથી જ હ્દયમાં પ્રકાશ થઈ જાય છે એવી વિલક્ષણ વસ્તુ, સંતોની સત્સંગતિમાંથી પ્રાપ્ત થાય છે. 'તેથી સત્સંગતિ અત્યંત જરુરી છે

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

**જાહેરાત માટે સંપર્ક કરો**
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

# પંજાબ નેશનલ બેંકનું રૂ.૧૧,૪૦૦ કરોડનું ફુલેકુ ફેરવી નિરવ મોદી વિદેશ જતા રહ્યા

પંજાબ નેશનલ બેંક સાથે રુ.૧૧,૪૦૦ કરોડનું કૌભાંડ આચરનાર જ્વેલરી ડિઝાઈનર નિરવ મોદી કૌભાંડી વિજય માલિયાની માફક દેશ છોડી ફરાર થઇ ગયા છે.કૌભાંડી મોદીએ જાન્યુ.માસમાં જ દેશ છોડી દીધો હતો.મોદીને ભાગી જવા માટે પુરતો સમય આપવામાં આવ્યો હતો.નિરવ મોદી સાથે તેમના ભાઇ અને તેમની સાથે જોડાયેલા અન્યો પણ દેશ છોડી ભાગી જવામાં સફળ રહ્યા છે.આ રીતે સરકારી બેન્કમાંથી મોટું કૌભાંડ કરીને આ લોકોને છટકી દેવામાં આવ્યા હોવાના સમાચારો પ્રસિધ્ધ થયા છે.

જો કે પીએનબી સાથે કૌભાંડ આચનાર નિરવ મોદી દાવોસ ખાતે વડાપ્રધાન મોદી સાથે યોજાયેલ એક મીટીંગમાં અન્ય ઊધોગપતિ સાથે હાજર રહ્યા હતા. જો કે ભાજપે આ અંગે પોતાનો હાથ ખંખરી નાંખ્યો હતો.જો કે સીબીઆઇએ આ તમામ માટે લુકઆઉટ નોટીસ જારી કરી છે.એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી)એ નિરવ મોદી અને તેના સબંધીઓ સામે મની લોન્ડરીંગનો કેસ નોધ્યો છે. અને તેના રહેઠાણ અને ઓફીસો પર દરોડા પાડ્યા હતા.મોદીના કુર્લા ખાતેના રહેઠાણ,કાલા ઘોડા એરીયાના જ્વેલરી બુટીક,બાંદ્રા અને લોઅર પરેલની ત્રણ કંપનીઓ, ગુજરાતમાં સુરતના ત્રણ પ્રીમાઇસીસ તેમજ દિલ્હીની ચાણક્યપુરી અને ડિફેન્સ કોલોનીના શો રુમ પર સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું.દરોડા દરમિયાન ઇડીએ રુ.૫૧૦૦કરોડની સંપત્તિ કબજે કરી છે.સુરતમાં સચિન ટાઉન સથિત સુરત એસઇઝેડમાં છ હીરાના કારખાનાની પણ તલાશી લીધી છે.હવે બેકોમાં કૌભાંડ કરીને વિદેશ ચાલી જતા લોકોને સવલત કરી આપનારા લોકો સામે પણ કાયદેસર કેસ કરીને હલાવાતમાં નાંખવા જરુરી છે.બેન્કોમાં રહેલા નાણાં આખરે તો સામાન્ય નાગરિકોની બચતનાં નાણાં છે. કોઇની પેઢીના નાણાં તો નથી.સરકારે આમ જનતાનો ખજાનો લુટીં જનારાઓને સખ્ત સજા કરવી જરુરી છે.

# નાગાલેન્ડની ચુંટણીઓ જીતવા ભાજપ લઘુમતી તૃષ્ટિકરણને શરણે : ખ્રિસ્તીઓને પવિત્ર જેરુસાલેમની મફત યાત્રાની ઓફર

મુસ્લીમોની હજ સબસીડી બંધ કરાવનાર ભાજપે ઉત્તરપુર્વના નાગાલેન્ડ રાજ્યમાં ખ્રિસ્તીઓના મત મેળવવા માટે તેમને જેરુસાલેમની યાત્રા મફતમાં કરાવવાનું વચન આપી દીધું છે. નાગાલેન્ડમાં પોતાની હિન્દુવાદી છબી સુધારવાના પ્રયાસમાં અને સત્તા મેળવવા માટે તેણે આ પગલું ભર્યુ છે.ભાજપે કહ્યુ છે કે નાગાલેન્ડમાં જો સત્તા મળશે તો તે નાગાલેન્ડના ખ્રિસ્તીઓને જેરુસાલેમની મફત યાત્રાની સુવિધા આપશે. ભાજપે વોટ મેળવવા વચન આપ્યું છે કે પાર્ટી સત્તામાં આવે તો વૃધ્ધ ખ્રિસ્તીઓને મફત જેરુસાલેમ લઇ જવાશે. મઝાની વાત એ છે કે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આઝ યાત્રા માટે સબસીડી આપવાનું વચન આપ્યું છે. જેરુસાલેમમાં ઇસુ ખ્રિસ્ત નો જન્મ થયો હતો.ખ્રિસ્તીઓ માટે આ પવિત્ર સ્થાન છે. અને સૌથી મોટું તીર્થસ્થાન છે.

નાગાલેન્ડ ઉપરાંત અન્ય પુર્વોત્તર રાજ્યો મેઘાલય અને ત્રિપુરાની ચુંટણી પણ નજીક છે. મેઘાલયમાં ૭૫ ટકા વસ્તી ખ્રિસ્તીઓની છે.જ્યારે નાગાલેન્ડમાં ૮૮ ટકા વસતી ખ્રિસ્તીઓની છે.હજુ એ સ્પષ્ટ નથી થયું કે ભાજપની આ ઓફર દેશના તમામ ખ્રિસ્તીઓ માટે છે કે કેમ ? જો કે ભાજપની આ ઓફરને, ખાસ કરીને હજ સબસીડી રદ કરાયા પછી એઆઇએમઆઇએમના નેતા ઔવેસીએ કહ્યુ હતું કે ભાજપ ખ્રિસ્તીઓને મફત યાત્રાની ઓફર કરે છે. જો ભાજપને ચુંટણી માટે જરુરી લાગે તો હજ સબસીડી ફરી શરુ પણ કરી શકે છે.

# નાગાલેન્ડના સૌથી મોટા બેપ્ટીસ ચર્ચે ચુંટણીમાં ત્રિશુલ કે ક્રોસ વચ્ચે એકની પસંદગી કરવાનું કહ્યુ

નાગાલેન્ડના સૌથી મોટા બેપ્ટીસ ચર્ચે પોતાના અનુયાયીઓને ત્રિશુલ કે ક્રોસ બેમાથી કોઇ એકની પસંદગી કરવા જણાવ્યુ હતું.આમ કહેતા વિવાદ ઊભો થયો હતો.ચુંટણી અગાઉ જ તેણે પૈસા અને વિકાસના નામે ખ્રિસ્તી સિધ્ધાતો સાથે સમાધાન ન કરવા અપીલ કરી હતી.ચર્ચે કહ્યુ હતું કે જિસસ ક્રાઇસ્ટના હૃદયને વિંધવા માંગતા લોકોના હાથા બનશો નહીં. નાગાલેન્ડમાં તમામ પક્ષોના પ્રમુખોને મોકલેલા એક ખુલ્લા પત્રમાં ચર્ચે જણાવ્યુ હતું ખે ભાજપ સરકારના શાસનમાં ૨૦૧૫-૧૭ દરમિયાન ભારતમાં લઘુમતીઓ પર સૌથી વધુ અત્યાચાર થયા છે.ચર્ચના મહામંત્રી પત્રમાં લખ્યુ છે કે આરએસએસની રાજકીય પાંખ ભાજપ સત્તામાં આવ્યાની સાથે જ છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં હિદુત્વની ચળવળ નોધપાત્ર રીતે મજબુત અને આક્રમક બની છે.

તેમણે કહ્યુ હતું કે ભારતમાં ખ્રિસ્તી ધર્મનો નાશ કરવા માંગતા લોકો પાછળ દોટ લગાવતાં રાજકારણીઓને જોઇને જીસસ ક્રાઇસ્ટ પણ રડતા હશે. પત્રમાં લખ્યું છે કે તાજેતરના વર્ષોમાં લઘુમતીઓ પર સતાવણીનો આંકડો ત્રણ ગણો વધી ગયો છે.પાદરીઓ,મિશનરીઓ અને ઉપદેશકોને ગલીઓમાં જાહેરમાં ઢસેડવામાં આવી રહ્યા છે.તેમની સતાવણી અને અપમાન થઇ રહ્યુ છે.

ખ્રિસ્તીઓની બહુમતી ધરાવતા નાગાલેન્ડમાં ભાજપની હાજરી વધી રહી છે. પરંતુ બીફબેન અને લઘુમતીઓ તેમાં ખાસ કરીને ખ્રિસ્તીઓની સતાવણી જેવા મુદ્દાઓ પર તે બેકફુટ પર છે. તેના કારણે ભાજપને ચુંટણીમાં પ્રાદેશિક પક્ષો સાથે વ્યુહાત્મક જોડાણ કરવું પડ્યું છે.રાજ્યમાં બીજેપી-એનડીપીપી ગઠબંધન વિશે ચર્ચના રેવ કેયહોએ જણાવ્યુ હતું કે હાલના તબક્કે હું એનડીપીપી વિશે કંઇ કહી શકું નહી. પરંતુ એક પ્રાદેશિક પાર્ટી મળતાં જ ભાજપની હિંમત વધી ગઇ છે.જ્યારે રાજકારણીઓ એમ કહે છે કેભાજપ એક રાજકીય પાર્ટી છે. અને અમે સંઘના ભાગ નથી તો સમજવું કે તે માત્ર રાજકીય વાર્તા જ છે.બેપ્ટીસ્ટ ચર્ચના નેતાએ વધુમાં ઉમેર્યું હતું કે ભારત જેવા મોટા દેશ જે જેની સુંદરતા તેની વૈવિધ્યસભર સંસ્કૃતિ,પરંપરા અને રીતીઓમાં રહે છે ત્યાં એવું કહેવું ખોટું ગણાશે કે તેને માત્ર એક જ ધર્મ છે.

# સાઉથ આફ્રિકામાં ભારતીય ક્રિકેટ ટીમે વન-ડે શ્રેણી જીતી ઇતિહાસ રચ્યો

સાઉથ આફ્રિકાના પ્રવાસે ગયેલી ભારતીય ક્રિકેટ ટીમે વિરાલ કોહલીની કપ્તાની હેઠળ પ્રથમવાર દ્રીપક્ષીય સીરીઝ જીતીને ઈતિહાસ સર્જ્યો હતો. ૧૯૯૨થી સાઉથ આફ્રિકાનો પ્રવાસ ખેડનાર ભારતીય ટીમ અત્યાર સુધીમાં એકેય વખત વન-ડે શ્રેણી જીતી શકી નહોતી.

પ્રથમ ત્રણ વન-ડે મેચ ભારતે જીતી લીધી હતી.પરંતુ ચોથી મેચ વરસાદના વિધ્નને કારણે ડકવર્થ લુઇસ પધ્ધતિથી સાઉથ આફ્રીકા જીતી ગયું હતું. પરંતુ પાંચમી વનડેમાં ભારતે પ્રથમ બેટિંગ કરતાં રોહિત શર્માની શાનદાર સદીને કારણે ભારત ૨૭૪ રનનો સ્કોર નોધાવી શકી હતી.

આજસુધીની વન-ડે મેચોમાં ભારતીય સ્પીનરોનો દબદબો રહ્યો હતો. ચહેલ અને કુલદીપ યાદવે સાઉથ આફ્રીકન બેટ્સમેનોને હંફાવી દીધા હતા.પાંચ વનડેમાં સૌથી વધુ વિકેટો સ્પીનરના ફાળે ગઇ હતી.જો કે ભારત તરફથી બેટસમેનોમાં ભારતીય ક્રિકેટ ટીમનો કપ્તાન વિરાટ કોહલી એક સદી નોધાવવામાં સફળ રહ્યો હતો. ત્યાર બાદ શિખર ધવને સદી નોધાવી હતી અને છેલ્લે સળંગ મેચોમાં નિષ્ફળ જનાર ઓપનીંગ બેટ્સમેન રોહિત શર્માએ પાંચમી વનડે મેચમાં શાનદાર ફોર્મ પરત મેળવીને સદી ફટકારી હતી.વિદેશની ધરતી પર સ્પીનરોનો જાદુ ચાલ્યો છે અને ઝડપી બોલરોનો સામનો કરવામાં આપણા ભારતીય બેટ્સમેનો સફળ રહ્યા છે.

# ત્રીપુરામાં ભાજપમાં જોડાયેલા મુસ્લીમોને મસ્જીદમાં નમાઝ અદા કરવા પર પાબંદી

ત્રિપુરાના મોઇડાટીલા ગામમાં ભાજપમાં જોડાનાર કેટલાંક મુસ્લીમ પરિવારોનો ગામની મસ્જીદ દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો છે.૧૦૦ પરિવારના આ ગામમાં ૮૩ મુસ્લીમ પરિવાર છે. તેમાંથી ૨૫ મુસ્લીમ પરિવારે ભાજપ સાથે જોડાવાનો નિર્ણય કર્યો છે.બાબુલ હોસેન નામનો એક વ્યક્તિ કહે છે કે અમે ૧૬ મહિના પહેલાં ભાજપમાં જોડાયા હતા.ત્યારબાદ મસ્જીદમાં અમને જણાવવામાં આવ્યું હતું કે તમે અહીં નમાઝ અદા કરી શકો નહીં.તમે એક હિંદુવાદી પાર્ટીને સમર્થન આપી રહ્યા હોવાથી તમારે અહીં આવવાની જરુર નથી. તમે હિંદુઓ સાથે જઇ શકો છે.જેના કારણે અમારે વાંસ અને ટીનના પતરાંની એક હંગામી મસ્જીદ બનાવવી પડી છે. આમ ગામમાં હવે બે મસ્જીદ બની છે.અમે લોકોએ અમારી મસ્જીદ માટે એક અલગ ઇમામની વ્યવસ્થા કરી છે અને ઉઘરાણું કરીને તેમને પગાર આપીએ છીએ.

હોસેન કહે છે કે અમે નથી જાણતા કે ભાજપ હિંદુવાદી પાર્ટી છે.હું નથી માનતો કે ભાજપ દેશના અન્ય વિસ્તારોમાં મુસ્લીમ વિરોધી હુમલાઓમાં સંડોવાયેલો છે. કોંગ્રેસ અને સીપીએમ આ પ્રકારના આરોપો મુકી રહ્યા છે.જે મુસ્લીમોની હત્યા કરાઇ છે તેમણે જ કાંઇ ખોટું કામ કર્યુ હશે.શા માટે કોઇ એક સારા માણસ પર હુમલો કરશે ? હોસેન કહે છે કે હું કોંગ્રેસનો સમર્થક હતો. પરંતુ કોંગ્રેસનો સફાયો થઇ ગયો છે.અમે ઇચ્છીએ છીએ કે ૨૫ વર્ષથી શાસન કરતી ડાબેરી સરકારનો હવે અંત આવે.તેમના શાસનમાં કશું મળ્યું નથી.જો ભાજપ સત્તા પર આવશે તો અમને ખાતર પર સબસીડી અને સિંચાઇ માટે પાણી મળશે.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૦૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૭૪૫૧૮૩૬૭



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પલેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

# મેઘાલયમાં બહુમતી ખ્રિસ્તી મતદારોને રીઝવવા માટે ભાજપ ખ્રિસ્તી વિરોધી નથી તેવો પ્રચાર કરીને વડાપ્રધાને સત્તા પરિવર્તન માટે અપીલ કરી

ખ્રિસ્તીઓની બહુમતી ધરાવતા મેઘાલયમાં ગારો હિલ્સ ખાતે ફુલબારીમાં ચુંટણી સભાને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યુ હતું કે ભાજપ ધર્મ અને જાતિના રાજકારણમાં માનતો નથી. આમ કહીને તેમણે ભાજપ ખ્રિસ્તી વિરોધી છે તેવા ભયને દુર કરવા પ્રયત્ન કર્યો હતો.મોદીએ કહ્યુ કે ત્રાસવાદે આજકાલ આખા વિશ્વ માટે ખતરો સર્જ્યો છે.ભાજપ સત્તા પર આવ્યા પછી આખા વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યુ છે.ઈરાકમાં આઈએસઆઈએસ દ્વારા બંધક બનાવાયેલી કેરળની ૪૬ નર્સોને છોડાવને સલામત ભારત લાવવામાં આવી તેનું મોદીએ આ વખતે ઉદાહરણ આપ્યુ હતું.મેઘાલયમાં રાજકીય હરીફો દ્વારા ભાજપ ખ્રિસ્તી વિરોધી છે તેવો પ્રચાર કરવામાં આવી રહ્યો છે તેનો મોદીએ વિરોધ કર્યો હતો.



મોદી કહ્યુ કે અફઘાનિસ્તાનમાં શાંતિનો ઈશ્વરનો સંદેશો ફેલાવનાર ફાધર એલકિસસ પ્રેમ કુમારનું આતંકીઓ અપહરણ કરી ગયા ત્યારે તેમને ૧૪ મહિના પછી સરકાર સલામત રીતે ભારત લાવવામાં આવ્યા હતા. આવી જ રીતે અફઘાન ચર્ચમાં કામ કરતાં પશ્ચિમ બંગાળના મહિલા જ્યુડીથ ડીસોઝાને પણ એક મહિના પછી સલામત રીતે ભારત લાવવામાં આવ્યા હતા.

નાગાલેન્ડમાં ચુંટણી પ્રચાર માટે પહોચેલા વડાપ્રધાન મોદીએ તુએનસાંગ ખાતે આયોજિત રેલીને સંબોધન કરતાં કહ્યુ હતું કે પુર્વોત્તર ભારત માટે મારુ વિઝન છે. ટ્રાન્સફોર્મેશન બાય ટાર્ન્સપોર્ટેશન. નાગાલેન્ડની સાથે સાથે ઈએનપીઓ ક્ષેત્ર પર વિશેષ ધ્યાન આપીશું.મોદીએ જણાવ્યુ હતું કે નાગાલેન્ડ એક મજબુત અને સ્થિર સરકાર ઈચ્છે છે.અમે ન્યુ ઈન્ડીયાની સાથે ન્યુ નાગાલેન્ડનું સપનું પણ સાકાર કરીશું.પુર્વોત્તર રાજ્યોની પ્રશંસા કરતાં વડાપ્રધાને જણાવ્યુ હતું કે આ રાજ્યોના વિકાસ વિના ભારતનો વિકાસ શક્ય નથી. તેથી કેન્દ્ર સરકાર વિશેષ રીતે પુર્વોત્તર રાજ્યો માટે તૈયાર કરાયેલ અષ્ટ લક્ષ્મી યોજના પર ધ્યાન આપી રહી છે.

મોદીએ મેઘાલયમાં પરિવર્તન માટે ભાજપને મત આપવાની લોકોને અપીલ કરી હતી. ભાજપ સબકા સાથ સબકા વિકાસમાં માને છે. મેઘાલયને વિકાસ માટે જંગી રકમ આપ્યા છતાં આજ સુધી તે અવિકસિત રહ્યુ છે. અહીં ભાગ્યેજ કોઈ રસ્તા સારા છે તો પછી સહાયના પૈસા બધા ક્યાં ગયા તેવો પ્રશ્ન મોદીએ પુછ્યો હતો.જો કે ખ્રિસ્તીઓ લાગણીઓ સાથે ભાજપની લાગણીઓ જોડવા વડાપ્રધાને પ્રયત્ન કર્યો હતો.પરંતુ ભાજપે સત્તાપર આવ્યા બાદ દેશમાં લઘુમતી અને ખાસ કરીને ખ્રિસ્તી પર થયેલા અત્યાચારો બાબતે બોલવાનું ટાળ્યું હતું.

# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઈ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યુ છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઈ શકો છો,છતાં એમને કોઈ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઇક વળતર મળે એટલો ઉદેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઈએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઈન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઈ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઈપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઈપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઈ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઇ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઈ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઈ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઈપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઈ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઈ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઈ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઈ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઈ અધિકાર નથી એવું કોઈએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી

(સૌ.સંદેશ)

સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.

# દેશમાં ગરીબો વધુ ગરીબ બની રહ્યા છે અને ભારતીય અબજોપતિઓની સંપત્તિમાં જબરજસ્ત વધારો જોવા મળ્યો છે : ઓક્સફાર્મ

ઓક્સફાર્મ ઈન્ડીયાએ જાહેર કરેલા એક રીપોર્ટમાં કહ્યુ છે કે ભારતમાં છેલ્લા ત્રણ દાયકામાં અસમાનતા વધી છે. અને તેને કારણે દેશના અબજોપતિઓની સંપતિ દેશના કુલ જીડીપીના ૧૫ ટકા થઈ ગઈ છે.એક પછી એક સરકારોની અસંતુલિત નીતિને કારણે આમ થયું છે.છેલ્લા પાંચ વર્ષમાં જ આ ધનવાનની સંપત્તિ જીડીપીના ૧૦ ટકાથી ૧૫ ટકા થઈ ગઈ છે.૨૦૧૭માં ભારતમાં ૧૦૧ અબજોપતિ હતા. રિપોર્ટ મુજબ દેશના સૌથી ધનવાન લોકોએ ક્રોની કેપીટાલીઝમ અને વારસામાં મળેલી સંપત્તિથી વધુ ને વધુ સંપત્તિ ભેગી કરી લીધી છે. બીજી તરફ ગરીબો વધુ ને વધુ ગરીબ થયા છે.૧૯૯૧માં ઉદારીકરણ દરમિયાન કરાયેલા સુધારા અને ત્યાર પછી સરકારોએ નીતિગત રીતે લીધેલા પગલાંને કારણે આમ થયું છે.

વધતું જતું અંતર : ભારત અસમાનતા રિપોર્ટ ૨૦૧૮ શીર્ષક સાથે રજુ કરાયેલા આ અહેવાલ મુજબ ચોક્કસ નીતિ અંતગર્ત શ્રમ કરતાં વધારે મુડીની તરફેણ કરવામાં આવી અને અનસ્કિલ્ડ લેબર કરતાં વધારે સ્કિલ્ડની તરફેણ કરાઈ તેને કારણે આમ થયું છે.

ઓક્સફાર્મે ગયા મહિને વર્લ્ડ ઈકોનોમીક ફોરમની બેઠક વખતે જ એક રિપોર્ટ રજુ કર્યો હતો. જેમાં પણ કહેવાયું હતું કે ભારતના એક ટકા ધનિકો ગત વર્ષે એકત્ર કરવામાં આવેલી સંપત્તિનો ૭૩ ટકા હિસ્સો આંચકી ગયા છે.ગત વર્ષે ઉભી કરાયેલી ૮૨ ટકા સંપત્તિ માત્ર એક ટકા લોકો પાસે જ ગઈ હતી.જ્યારે વસતિના સૌથી ગરીબ અડધોઅડધ વસતિ એટલેકે ૩.૭ અબજ લોકોની સંપત્તિમાં કોઈ જ વધારો નોધાયો નહતો..

ગત વર્ષે સેમાં જણાવાયું હતું કે ભારતના એક ટકા ધનિકો પાસે દેશની કુલ સંપત્તિનો ૫૮ ટકા હિસ્સો છે જે આશરે ૫૦ ટકાના વૈશ્વિક આંકડાથી ઉંચો છે. આ વર્ષના સર્વેમાં પણ જણાવાયું છે કે ભારતના એક ટકા ધનિકોની સંપત્તિમાં ૨૦૧૭માં ૨૦.૯ લાખ કરોડ રુપીયાનો વધારો થયો હતો.જે વર્ષ ૨૦૧૭-૧૮ ના સરકારના બજેટ જેટલું છે તેમ ઓક્સફાર્મે જણાવ્યુ હતું.

ભારતમાં ગ્રામ્ય ભારતમાં લઘુત્તમ પગાર ધરાવતાં કામદારને ટોચની ભારતીય ગાર્મેન્ટ કંપનીના ટોચના અધિકારીઓ જેટલી કમાણી કરવી હોય તો તે માટે તેમને ૯૪૧ વર્ષો સુધી કામ કરવા પડે છે. જે દેશમાં આર્થિક અસમાનતાની ચાડી ખાય છે તેમ અભ્યાસમાં ઉમેરાયું છે.અમેરિકામાં આ સ્થિતિ એકદમ અલગ છે. ત્યાં એક સીઈઓને એક સામાન્ય કામદારના એક વર્ષ જેટલી કમાણી કરવા માટે એક દિવસથી સહેજ વધુ સમય લાગે છે.તેમ રિપોર્ટમાં જણાવાયું છે.૧૦ દેશોમાં ૭૦,૦૦૦થી વધુ લોકોના વૈશ્વિક સર્વેના પરિણામોનો ઉલ્લેખ કરતાં ઓક્સફોર્મમાં ઉમેરાયું છે કે આર્થિક અસમાનતાને દુર કરવા માટે આ પગલું લેવાની જરુર છે.આશરે બે-તૃતીયાંશ લોકો માને છે કે ગરીબ અને ધનિક વચ્ચેનું અંતર તત્કાલ ઘટાડવાની જરુર છે.


**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.